# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-01-2025 Day : Wednesday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## રાષ્ટ્રીય રમતોત્સવ - પીએમ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે એક ભવ્ય સમારોહ વચ્ચે ઉત્તરાખંડની રાજધાની દેહરાદૂનમાં 38મી રાષ્ટ્રીય રમતોત્સવનું ઉદ્ઘાટન કર્યું. વાઇબ્રન્ટ એથ્લેટ્સ પરેડમાં દેશભરના ખેલાડીઓએ ભાગ લીધો હતો, જેમાં એકતા અને ખેલદિલીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ ઇવેન્ટની ખાસિયત એ હતી કે નેશનલ ગેમ્સની મશાલ, તેજસ્વિનીને સોંપવામાં આવી, જેણે 13 જિલ્લાઓમાં 4 હજાર કિલોમીટરની પ્રેરણાદાયી યાત્રા પૂર્ણ કરી. ઓલિમ્પિયન લક્ષ્ય સેન દ્વારા પ્રધાનમંત્રી મોદીને મશાલ અર્પણ કરવામાં આવી હતી.

તેમના સંબોધનમાં, પ્રધાનમંત્રીએ દેવભૂમિ ઉત્તરાખંડમાં રાષ્ટ્રીય રમતોનું આયોજન કરવા બદલ ગર્વ વ્યક્ત કર્યો, તેને રાજ્ય માટે ઐતિહાસિક અને દિવ્ય ક્ષણ ગણાવી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ રાષ્ટ્રીય રમતોને ગ્રીન ગેમ્સ તરીકે આયોજિત કરવામાં આવી રહી છે. આ રમતોત્સવ 28 જાન્યુઆરીથી 14 ફેબ્રુઆરી દરમિયાન ઉત્તરાખંડના 11 શહેરોમાં આયોજન થયેલું છે. જેમાં દેશના 36 રાજ્યો અને 1 કેન્દ્ર શાસિત પ્રદેશ ભાગ લઇ રહ્યા છે. યોગ અને મલખમ જેવી રમતોને પહેલીવાર રમતોત્સવમાં સામેલ કરવામાં આવી છે. આ વર્ષે 33 રમતો માટે ખેલાડીઓને પદકથી નવાજવામાં આવશે. દેશભરના 10 હજારથી વધુ ખેલાડીઓ રમતોત્સવમાં ભાગ લઇ રહ્યા છે.

---

## કે. બજેટ – સર્વપક્ષીય બજેટ

સંસદના બજેટ સત્ર પહેલા સરકારે આવતીકાલે સર્વ પક્ષીય બેઠક બોલાવી છે. સંસદનું બજેટ સત્ર શુક્રવારથી રજૂ થશે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ પહેલી ફેબ્રુઆરીએ નાણાકીય વર્ષ 2025-26 માટેનું કેન્દ્રીય બજેટ રજૂ કરશે. બજેટ રજૂ થાય તે પહેલાં આકાશવાણી સમાચાર, નિષ્ણાતો અને લોકોની કેન્દ્રીય બજેટ પાસેથી અપેક્ષાઓ રજૂ કરતી એક વિશેષ શ્રેણી પ્રસારીત કરી રહ્યું છે.

-----------------------------------------------------------------------------------

## જીટીયુ – આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, “વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં સ્વર્ણિમ યુગના સ્વપ્નને સાકાર કરવાનું સૌભાગ્ય અને જવાબદારી આજના યુવાનોની છે. તેમણે ઉમેર્યું, “ભૂતકાળમાં ફિલ્મોમાં જોયેલી A.I. અને રૉબોટિક્સની વાત આજે હકીકત બનવા જઈ રહી છે. અમદાવાદની ગુજરાત ટેક્નોલૉજિકલ યુનિવર્સિટી- GTUના 14મા વાર્ષિક પદવીદાન સમારોહમાં સંબોધતા શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને જ્ઞાનનો યોગ્ય ઉપયોગ કરવા સલાહ આપી હતી. આ પ્રસંગે 38 હજાર 928 વિદ્યાર્થીઓને પદવી, 70 વિદ્યાર્થીઓને Ph.D અને 146 વિદ્યાર્થીઓને ચંદ્રક એનાયત કરાયા હતા.

-----------------------------------------------------------------------------------

## એસટી નિગમ – મોંઘવારી ભથ્થું

રાજ્ય સરકારે એસ ટી નિગમના કર્મચારીઓને, હાલ ચૂકવતા મોંઘવારી ભથ્થામાં 4 ટકાનો વધારો કરી હવેથી 50 ટકા મુજબ મોંઘવારી ભથ્થું ચૂકવવાનો નિર્ણય લીધો છે. વધારેલા મોંઘવારી ભથ્થાનું એરિયર્સ પણ ચૂકવવામાં આવશે. આ નિર્ણયથી એસ.ટી. નિગમના કર્મચારીઓને કુલ 125 કરોડ રૂપિયાથી વધુનો લાભ થશે. વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પર આ માહિતી આપતા જણાવ્યું કે, આ અંગે ટૂંક સમયમાં વિગતવાર આદેશો જારી કરવામાં આવશે.

-----------------------------------------------------------------------------------

## મહાકુંભ – બીજુ અમૃત સ્નાન

મહાકુંભનું બીજું અમૃત સ્નાન આજે પ્રયાગરાજમાં મૌની અમાવસ્યા નિમિત્તે થશે. મૌની અમાવસ્યાનું ધાર્મિક મહત્વ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ દિવસે અમૃત સ્નાન ખૂબ જ શુભ માનવામાં આવે છે. વિશ્વના સૌથી મોટા ધાર્મિક મેળાવડા તરીકે ઓળખાતા મહાકુંભ મેળાની શરૂઆત 13 જાન્યુઆરીએ થઈ હતી અને પ્રથમ અમૃત સ્નાન 14 જાન્યુઆરીએ મકરસંક્રાંતિના દિવસે થયું હતું.

---

## ક્રિકેટ

ત્રીજી T-20માં ઇંગ્લેન્ડે ભારતને 26 રને હરાવ્યું. ભારતે રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમમાં બોલિંગ કરવાનો નિર્ણય લીધો. ઇંગ્લેન્ડે 9 વિકેટ ગુમાવીને 171 રન બનાવ્યા. વરુણ ચક્રવર્તીએ 5 વિકેટ લીધી. જવાબમાં ટીમ ઈન્ડિયા 9 વિકેટ ગુમાવ્યા બાદ માત્ર 145 રન જ બનાવી શકી.

ઇંગ્લેન્ડ તરફથી બેન ડકેટે ફિફ્ટી ફટકારી. લિયામ લિવિંગસ્ટને 43 અને જોસ બટલરે 24 રન બનાવ્યા. ભારત તરફથી હાર્દિક પંડ્યાએ 40 અને અભિષેક શર્માએ 24 રન બનાવ્યા. ઇંગ્લેન્ડ તરફથી જેમી ઓવરટને 3 વિકેટ, જોફ્રા આર્ચર અને બ્રાયડન કાર્સે 2-2 વિકેટ લીધી. આ મેચમાં ઈંગ્લેન્ડે જીત મેળવીને પાંચ મેચની સિરિઝમાં 1-2થી જીવંત રાખવામાં સફળ રહ્યું છે.

---

## હવામાન

ફેબ્રુઆરીના પ્રથમ અઠવાડિયામાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં માવઠું થવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. દરમિયાન કચ્છમાં ગઈકાલે વાદળછાયું વાતાવરણ છવાયું હતું. જેને લીધે ઠંડીમાં રાહત જણાઇ હતી. શિયાળાના મુખ્ય શહેર ગણાતા નલિયામાં 14 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું તો ભુજમાં 17.8 અને કંડલામાં 15.6 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

---